# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15-09-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બિહારના પૂર્ણિયા જિલ્લાથી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા 40 હજાર કરોડ રૂપિયાથી વધુની વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન- શિલાન્યાસ કરશે.

2) પ્રધાનમંત્રી આજે કોલકાતામાં સંયુક્ત કમાન્ડર્સ સમ્મેલનનું ઉદ્ઘાટન કરશે.

3) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે સંરક્ષણ ખરીદી નિયમો 2025ને મંજૂરી આપી.

4) સર્વોચ્ચ અદાલત વક્ફ સુધારા અધિનિયમ-2025ની માન્યતાને પડકારતી અરજીઓ પર આજે પોતાનો ચુકાદો આપશે.

5) મહિલા એશિયા કપ 2025માં ભારતીય મહિલા હોકી ટીમે રજત ચંદ્રક જીત્યો.

6) એશિયા કપ ક્રિકેટ મેચમાં ભારતે પાકિસ્તાનને 7 વિકેટે હરાવ્યું.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# REV. BIHAR PM VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બિહારના પૂર્ણિયા જિલ્લાથી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા 40 હજાર કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે.

આજે બપોરે પૂર્ણિયાના ગુલાબ બાગમાં શીશા બારી ખાતે એક જાહેર સભાને પણ સંબોધિત કરશે.

સાંભળીએ એક અહેવાલ

(VOICE CAST: KARAN MAKVAN)

*પ્રધાનમંત્રી નવનિર્મિત પૂર્ણિયા એરપોર્ટનું ઉદ્ઘાટન કરશે અને એરપોર્ટથી ઉડાન સેવા શરૂ કરશે.શ્રી મોદી બિહારમાં રાષ્ટ્રીય મખાનાબોર્ડનું પણ ઉદ્ઘાટન કરશે. જેનાથી બિહાર અને દેશભરના મખાના ખેડૂતોને ફાયદો થશે.પ્રધાનમંત્રી ભાગલપુરના પીરપૈંટી ખાતે 2,400 મેગાવોટના થર્મલ પાવર પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે શ્રી મોદી રૂ. 2,680 કરોડથી વધુના ખર્ચે કોસી-મેચી આંતર-રાજ્ય નદી લિંક પ્રોજેક્ટનાપ્રથમ તબક્કાનો શિલાન્યાસ પણ કરશે. પ્રધાનમંત્રી રૂ. 2,170 કરોડથી વધુના ખર્ચે વિક્રમશિલા અને કટારિયા સ્ટેશન વચ્ચે રેલ્વેલાઇનનો શિલાન્યાસ કરશે.શ્રી મોદી પ્રધાનમંત્રી આવાસ યોજના -ગ્રામીણ હેઠળ 35,000 ગ્રામીણ લાભાર્થીઓના ગૃહ પ્રવેશસમારોહમાં પણ ભાગ લેશે*

# REV. PM-KOLKATA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે કોલકાતામાં વિજય દુર્ગ ખાતે ભારતીય સેનાના પૂર્વીય કમાન્ડ મુખ્યાલયમાં સંયુક્ત કમાન્ડર્સ સમ્મેલનનું ઉદ્ઘાટન કરશે.

આ કોન્ફરન્સ 17 સપ્ટેમ્બર સુધી ચાલશે. આ કાર્યક્રમમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ પણ હાજર રહેશે. આ સમ્મેલનમાં વિશ્વની વર્તમાન રાજકીય પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સૈન્યના આધુનિકીકરણ, સશસ્ત્ર દળોની ત્રણેય શાખાઓ વચ્ચે સંકલન અને અન્ય પાસાઓ પર ચર્ચા કરવામાં આવશે.

## DEFENCE-PROCUREMENT MANUAL

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે સંરક્ષણ ખરીદી નિયમો 2025ને મંજૂરી આપી છે. જે અંતર્ગત, સશસ્ત્ર દળોના મહેસૂલ ઉત્પાદનને ઝડપી બનાવવામાં આવશે, જેથી સ્થાનિક ઉદ્યોગોને સક્ષમ બનાવી શકાય, નવીનતાને પ્રોત્સાહન આપી શકાય અને સરળ પ્રક્રિયાઓ દ્વારા ઉદ્યોગસાહસિકતાને ટેકો આપી શકાય.

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે, સુધારેલ દસ્તાવેજ યુદ્ધના આધુનિક યુગમાં સશસ્ત્ર દળોની વધતી જતી જરૂરિયાતોને પૂર્ણ કરશે અને ત્રણેય દળો વચ્ચે એકતાને પ્રોત્સાહન આપશે. ઝડપી નિર્ણયો લઈને ઉચ્ચતમ સ્તરની લશ્કરી તૈયારી જાળવવામાં પણ મદદ કરશે. મંત્રાલયે જણાવ્યું કે નવી માર્ગદર્શિકામાં વ્યવસાય કરવાની સરળતાને વધુ મજબૂત બનાવવામાં આવી છે. તેનો ઉદ્દેશ્ય સંરક્ષણ ઉત્પાદન અને ટેકનોલોજીમાં આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપવાનો છે.

સંરક્ષણ મંત્રાલય હેઠળ સંરક્ષણ સેવાઓ અને અન્ય સંગઠનોના માલ અને સેવાઓની ખરીદી આ માર્ગદર્શિકા દ્વારા નિયંત્રિત થાય છે. જે છેલ્લે 2009માં જાહેર કરવામાં આવી હતી.

# SC - WAQF ORDER

સર્વોચ્ચ અદાલત વક્ફ સુધારા અધિનિયમ-2025 ની માન્યતાને પડકારતી અરજીઓ પર આજે પોતાનો ચુકાદો સંભળાવશે.

મુખ્ય ન્યાયાધીશ બીઆર ગવઈ અને ન્યાયાધીશ ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે 22 મેના રોજ આ સંદર્ભમાં પોતાનો આદેશ અનામત રાખ્યો હતો. સર્વોચ્ચ અદાલતની વેબસાઇટ અનુસાર, અદાલત આજે આ મામલે પોતાનો આદેશ જાહેર કરશે.

# GOYAL-MEDIA-CONCLAVE

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે કહ્યું કે ભારત 2047 સુધીમાં ત્રીસ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનશે.

શ્રી ગોયલે ગઈકાલે નવી દિલ્હીમાં એક ખાનગી મીડિયા સંગઠનના પરિષદમાં આ વાત કહી હતી. ફુગાવા નિયંત્રણ પર ભાર મૂકતા શ્રી ગોયલે કહ્યું કે જ્યારે 2014માં સરકાર સત્તામાં આવી ત્યારે સરકારની પ્રાથમિકતા ખર્ચ નિયંત્રણ પર હતી. તેમણે કહ્યું કે ભારતીય રિઝર્વ બેંકને ભારતના નાણાકીય અને નાણાકીય નીતિ પર સતત દેખરેખ રાખવાની જવાબદારી સોંપવામાં આવી હતી.

શ્રી ગોયલે સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોને ટેકો આપવાના સરકારના પ્રયાસો વિશે પણ માહિતી આપી. તેમણે કહ્યું કે આગામી પેઢીના GST સુધારાઓથી લોકોને ફાયદો થશે અને કરવેરા પ્રણાલી સરળ બની છે. શ્રી ગોયલે કહ્યું કે 2017માં GST લાગુ કરવો એ સ્વતંત્રતા પછીનો સૌથી મોટો ફેરફાર હતો.

**GSTથી સિસ્ટમને ભ્રષ્ટાચાર, વચેટિયાઓ અને કાગળકામથી મુક્ત બનાવવામાં મદદ મળી છે.**

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## GST REFORMS- AYURVEDA

**આ સ્વતંત્રતા દિવસે લાલ કિલ્લાની પ્રાચીર પરથી, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિવાળી સુધીમાં આગામી પેઢીના GST સુધારાઓની જાહેરાત કરી. 3 સપ્ટેમ્બરના રોજ, GST કાઉન્સિલે દરોના તર્કસંગતકરણને મંજૂરી આપી. આ**

સુધારાઓએ ઘણા ક્ષેત્રોમાં કર દર ઘટાડીને નાગરિકોનું જીવન સરળ બનાવ્યું છે. આજે આપણે આયુર્વેદ, યુનાની અને હોમિયોપેથી જેવા તબીબી ઉપકરણો અને દવાઓ માટે કરવામાં આવેલા સુધારાઓ પર નજર નાખીશું.

(VOICE CAST: KARAN MAKVAN)

*GST કાઉન્સિલે આગામી પેઢીના GST સુધારાઓની શ્રેણીની જાહેરાત કરી, જેનાથી આરોગ્ય સંભાળ ક્ષેત્રમાં નોંધપાત્ર કર ઘટાડા દ્વારા સામાન્ય માણસને મોટી રાહત મળી છે. કાઉન્સિલે આયુર્વેદ, યુનાની અને હોમિયોપેથી સંબંધિત વિવિધ દવાઓ પરના કર દરને 12 ટકાથી ઘટાડીને 5 ટકા કર્યો છે. વધુમાં, તબીબી ગ્રેડ ઓક્સિજન પરના કર દરને 12 ટકાથી 5 ટકા કરવામાં આવ્યો છે. તબીબી ઉપકરણો પરના નવા દરો દવા અને તબીબી ઉપકરણ ક્ષેત્રોમાં સ્થાનિક ઉત્પાદનને વેગ આપશે, જેનાથી આરોગ્ય સંભાળ વધુ સુલભ બનશે.*

*આકાશવાણી સમાચાર કરણ મકવાણા*

## DOORDARSHAN-FOUNDATION

દૂરદર્શન આજે તેની સ્થાપનાના 66 વર્ષ પૂર્ણ કરી રહ્યું છે. વર્ષ 1959 માં આજના દિવસે દૂરદર્શન સ્થાપના થઈ હતી. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદે આ દિવસે પ્રથમ પ્રસારણનું ઉદ્ઘાટન કર્યું હતું. 1975 સુધી, દૂરદર્શન આકાશવાણીનો ભાગ હતું. પાછળથી 1 એપ્રિલ 1976 ના રોજ તે માહિતી અને

પ્રસારણ મંત્રાલયના એક અલગ વિભાગ તરીકે ઉભરી આવ્યું. આજે, દૂરદર્શન ભારતની સૌથી મોટી પ્રસારણ સંસ્થા છે જેમાં સ્ટુડિયો અને ટ્રાન્સમીટરનું વિશાળ નેટવર્ક છે.

## HOCKEY - ASIA CUP

મહિલા એશિયા કપ 2025માં ભારતીય મહિલા હોકી ટીમે રજત ચંદ્રક જીત્યો છે.

ગઈકાલે હાંગઝોઉમાં ચીન સામે રમાયેલી ફાઇનલમાં ભારતે, નવનીત કૌરના પહેલી જ મિનિટમાં પેનલ્ટી કોર્નર ગોલથી શાનદાર શરૂઆત કરી. જોકે, ચીને 21મી મિનિટમાં ગોલ કરી બરાબરી કરી. હાફટાઇમ સુધી બંને ટીમો 1-1થી બરાબરી પર હતી. ત્યારબાદ ચીને અંતિમ ક્વાર્ટરમાં બે ઝડપી ગોલ કરીને મેચ 4-1થી જીતી લીધી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતીય મહિલા હોકી ટીમને રજત ચંદ્રક જીતવા બદલ અભિનંદન આપ્યા. સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રીએ ટીમના પ્રદર્શનની પ્રશંસા કરતા કહ્યું કે તેમનો દૃઢ નિશ્ચય અને ટીમ ભાવના ઉત્કૃષ્ટ હતી. તેમણે કહ્યું કે ભારતીય મહિલા હોકી ટીમે દેશને ગૌરવ અપાવ્યું છે.

## ASIA CUP

ભારતે એશિયા કપ ગ્રુપ A ક્રિકેટ મેચમાં પાકિસ્તાનને પછાડ્યું. ગઈકાલે દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં પાકિસ્તાનને સાત

વિકેટે હરાવીને ભારત સુપર ફોરમાં સ્થાન સુનિશ્ચિત કરવાની નજીક પહોંચી ગયું છે. ટોસ જીતીને પહેલા બેટિંગ કરતા પાકિસ્તાનની ટીમ 19 ઓવર ત્રણ બોલમાં માત્ર 126 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી  કુલદીપ યાદવે 3,અક્ષર પટેલ અને જસપ્રીત બુમરાહે 2-2 તથા હાર્દિક પંડ્યા અને વરુણ ચક્રવર્તીએ 1-1 વિકેટ ઝડપી હતી.

ભારતીય ટીમે બેટિંગ કરતાં ઓપનર અભિષેક શર્માના માત્ર 13 બોલમાં 31 રન અને કેપ્ટન સૂર્યકુમાર યાદવના અણનમ 47 રનની મદદથી જીત મેળવી લીધી. મેચ બાદ  કપ્તાન સૂર્યકુમાર યાદવે પહેલગામ આતંકવાદી હુમલાનો ઉલ્લેખ કરીને આ જીત ભારતના સશસ્ત્ર દળોને સમર્પિત કરી. તેમણે કહ્યું કે ભારતીય ટીમ પીડિતોના પરિવારો સાથે ઉભી છે અને સૈન્યના જવાનોની સાથે છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષલ પંડ્યા

- આજના અખબારોમાં નોર્થ ઇસ્ટમાં ધરતીકંપ, ગેરકાયદે વસાહતીઓના વિરોધમાં લંડનમાં એક લાખ લોક રસ્તા ઉપર ઉતર્યા, હું શિવભક્ત, તમામ ઝેર ગળી જઉ છું તેવા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નિવેદન સાથે તમામ અખબારોએ પહેલા પાને સમાચાર પ્રકાશિત કર્યાં છે.
- સંદેશે લખ્યું છે કે આસામ સહિતના નોર્થ ઇસ્ટના રાજ્યોમાં ૫.૪ની તિવ્રતાનો ભૂકંપ
- ગુજરાત સમાચાર લખે છે કે બ્રિટનમાં ગેરકાયદે વસાહતીઓ સામે લાખો અંગ્રેજો રસ્તા ઉપર ઉતર્યા
- લંડનમાં ભારેલો અગ્નિ, સંસ્કૃતિ બચાવવા લાખો લોકો રસ્તા ઉપર આ હેડલાઇનના શબ્દો છે નવગુજરાત સમયના
- લોકસભા જનસતાની હેડલાઇન છે નેપાળ બાદ હવે લંડનમાં લાખો લોકો રસ્તા ઉપર ઉતર્યા.
- ક્રિકેટમાં ઓપરેશન સિંદૂરઃપાકિસ્તાનનો કચ્ચરઘાણ આ હેડલાઇન ફુલછાબ દૈનિક બનાવી છે.
- એશિયા કપમાં ભારતે પાકિસ્તાનને પરાસ્ત કર્યું તે સમાચાર તમામ અખબારોએ પહેલા પેજ ઉપર પ્રસિધ્ધ કર્યા છે..